RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 8

જાન્યુઆરી - 2019

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ


રઘુવંશ રુપી પતંગ રહે હંમેશા ગગનમાં

સેવા અને સંગઠનની દોર રહે હંમેશા લહેરમાં









# ચાલો સૌની પાસેથી સારું લઇએ ને સૌને સારું આપીએ

**વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો, વડીલો, યુવાનો, દિકરાઓ અને દિકરીઓ....**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

બાળકને માટે જેમ ડિઝનીલેન્ડ એવી જ આપણા માટે છે આ દુનિયા. આપણી આગળ જાતભાતની સ્વાદિષ્ટ વાનગીઓનો કે મીઠાઈઓનો અન્નકૂટ ખડકાયેલો હોય એવી આ દુનિયા લાગે ! આપણે આપણી બધી જ ઇન્દ્રિયોથી એનો નરવી રીતે ભરપૂર સ્વાદ કેમ લેવાય એ જ વિચારવું જોઈએ. આપણા સર્જનહારના આ નિત્યનૂતન સર્જનનો ઉત્તમ રીતે રસાસ્વાદ કેમ લઈ શકાય એ માટે આપણે આપણી ઇન્દ્રિયોને, આપણા મનને કેળવીએ. પરમાત્માએ એની સાચપનો અને સારપનો, શુભ અને સુંદરનો આખો ખજાનો આપણી આગળ ખુલ્લો મૂકી દીધો છે, જેનો આપણે ભરપૂર લાભ લેવો રહ્યો.

જે સાચું હોય છે તે જ સારું કે ભદ્ર હોય છે એ ખ્યાલ આપણા સૌ રઘુવંશી ભાઈઓ-બહેનોમાં દઢમૂલ થાય તે અનિવાર્ય છે. આપણે સૌની પાસેથી સારું લઇએ ને સૌને સારું આપીએ. સૌમાં સારું જોઈએ અને સૌને સારું કહીએ, સૌનું સારું સાંભળીએ અને સૌને સારું બતાડીએ. સૌનું સારું કરીએ ને સૌને સારા લાગીએ. સારા થવું એટલે સાચા થવું, પરમાત્મ શક્તિના ઉત્તમ - શ્રેયકર વાહક થવું. આ સુઝ, આ સમજ આપણામાં તો જ આવે જો આપણે નકારથી વિમુખ થઈ હકારની અભિમુખ અને સકારની સન્મુખ થઇએ. સંસ્કૃતનો એક સુંદર શ્લોક છે :

उपकारः परो धर्मः परोऽर्थः कर्मनैपुणम्।
पात्रे दानं परः कामः परो मोक्षो वितृष्णता॥

અર્થાત્ : જીવનમાં ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - સાધવાના હોય છે. તેમનું સાચું સ્વરૂપ બતાવતા કહે છે કે સૌથી ઉત્કૃષ્ઠ ધર્મ છે પરોપકાર. બીજો પુરુષાર્થ અર્થ - એટલે ધનને સાધન મેળવવું તેમાં સાચો અર્થ છે. પૂરેપૂરી કુશળતાથી કામ કરવું તે, સુપાત્રે દાન કરવું તે ત્રીજો પુરુષાર્થ, અને તૃષ્ણાને સદંતર છોડી દેવી તે ચોથો પુરુષાર્થ છે.

ભાઈઓ-બહેનો, માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી અત્યારે આપણે આપણો પ્રથમ ધર્મ - શ્રેષ્ઠ ધર્મ પરોપકાર જુદા જુદા પ્રકલ્પોના સંકલ્પો દ્વારા ફળીભૂત કરવાના સઘન અને સતત પ્રયત્નો કરી રહ્યા છીએ. એમાંય છેલ્લા બે વર્ષથી આપણી જ્ઞાતિની ઉન્નતિ અને પ્રગતિ માટે આપણા મુખ્ય બે પ્રકલ્પો શિક્ષણ અને આરોગ્યની દિશામાં ખુબ આગળ વધ્યા છીએ. દર મહિને ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિના તેજસ્વી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી ધર્મેશભાઈ હરિયાણી અને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ૩ થી ૪ લાખ તેમજ આરોગ્યમાં પણ જ્ઞાતિમાં અસાધ્ય બિમારી માટે આર્થિક સહાય આપવાનું અવિરતપણે ચાલુ હોય છે. મહાપરિષદના માધ્યમથી હું આપ સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓ કે જેઓને પ્રભુએ ઘણું આપ્યું છે અને તેઓ સુપાત્રને આપતા પણ રહે છે તે સૌને નમ્ર અપીલ કરું છું કે મહાપરિષદના આ મહાયજ્ઞ (શિક્ષણ અને આરોગ્ય)માં આપ પણ આર્થિક યોગદાન આપી લાભાન્વિત બનો. મારી દષ્ટિએ દાન માનવતાનો મહાપ્રાણ છે. સૃષ્ટિની ઘટમાળમાં આદાન-પ્રદાન એ મહત્ત્વની કડી છે. સર્જન - વિસર્જન અને ભરણપોષણમાં આદાન-પ્રદાન નામનું તત્ત્વ કાઢી નાખવામાં આવે તો સમૂળી સૃષ્ટિનો પ્રલય થઈ જાય.

સૂર્ય, ઇન્દ્ર, વાયુ, વરુણ, અગ્નિ, ચંદ્ર, વગેરે દેવતાઓ પણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની આજ્ઞામાં રહી પરસ્પર આદાન-પ્રદાન દ્વારા જીવપ્રાણી માત્રને જિવાડે છે. સૂર્ય પ્રકાશનું દાન ન કરે, ઇન્દ્ર વર્ષાનું દાન ન કરે, વાયુ સંચાલિત ન રહે, વરુણ જળ પ્રદાન ન કરે, અગ્નિ પ્રજવલિત ન રહે, ચન્દ્ર અમૃત ન વરસાવે તો ? માનવીની શી તાકાત છે કે આ દેવતાઓનું કર્મ પોતે કરી શકે ? કહેવાય છે કે ધન શોભે છે વ્યયથી (આપવાથી), સુખ શોભે છે ત્યાગથી, ઐશ્વર્ય શોભે છે સંયમથી અને જીવન શોભે છે આચરણથી.

આ તકે મને એ જણાવતા પણ ખુબ જ આનંદ થાય છે કે ગત તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ ઉત્તર ગુજરાતના ડીસા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિતરણ સમારોહ અને અષ્ટમ કારોબારીનું ડીસાના પાંચ મહાજનોએ ભેગા મળી જે પ્રકારનું આયોજન, આતિથ્ય, એકોમોડેશન અને ટ્રીટ આપ્યા તે જાણે કે આદાન-પ્રદાનની અને માતૃસંસ્થા પરત્વે ઋણ અદા કરવાની જ ઘટના હતી. આ બન્ને સમારોહની સફળતા બદલ હું ડીસાના સમગ્ર રઘુવંશી ભાઈઓ, બહેનો, પાંચેય મહાજનોના પ્રમુખશ્રીઓને ધન્યવાદ પાઠવું છું.

અંતમાં પરમ પૂજ્ય જલારામ બાપાને પ્રાર્થના કે નકારના ગ્રહણમાંથી અમે છૂટીએ કે જેથી હકારનો રૂડો હેતાળ ચહેરો અમારી સમક્ષ દેખાય તેમજ અમારામાં સાચું ને સારું કરવાની, શુભ કરવાની જે ક્ષમતા અને શક્તિ છે તેનો ખરો ઉઘાડ પામીએ.

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 8
જાન્યુઆરી - 2019
અંક : 82
માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
હીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-
સળંગ વર્ષ : 21 સળંગ અંક : 241

ઇમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત સમારોહ | ૫ |
| અષ્ટમ કારોબારી સમિતિની બેઠક, ડીસા | ૧૦ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૫ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| દુબઈની શુભેચ્છા મુલાકાત | ૨૨ |
| શાબાશ રઘુવંશી | ૨૩ |
| સૌજન્ય જાહેરાત – બાલાજી ડ્રિમ સિટી હસ્તે : શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ | ૨૪ |





શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે તાજેતરમાં દિલ્લી મુકામે રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી હતી. મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી સાથેની તેમની મુલાકાત ખૂબજ ઉત્સાહ પૂર્ણ જણાવી હતી. તે જ રીતે તાજેતરમાં જ નિમણૂંક પામેલા ભારતીય જનતા પાર્ટીના ગુજરાત રાજ્યના પ્રભારી શ્રી ઓમ માથુરજી સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી રઘુવંશી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે પણ રજૂઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બિન અનામત જ્ઞાતિઓ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે સરકારશ્રીને વારંવાર થતી સામૂહિક રજૂઆતોમાં પણ શ્રી લોહાણા મહાપરિષદ સક્રિય ભૂમિકા ભજવી રહેલ છે.

# તંત્રી સ્થાનેથી

''સંનિષ્ઠા, સંગઠન અને સેવા દ્વારા સિદ્ધિ''ના મંત્ર સાથે આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સ્થાપના ૧૯૫૨માં થઈ. તે સમયે સંસ્થાના વ્યાપક પ્રચારાર્થે **''લોહાણા મહાપરિષદ''** નામે સાપ્તાહિક પત્ર શરૂ કરાયું હતું. પછી થોડા વર્ષો બાદ તેનું પ્રકાશન બંધ થયું. ૧૯૮૦ના દાયકામાં **''લોહાણા પરિવાર''**ના નામે માસિક મુખપત્ર પણ શરૂ થયેલ અને કોઈ કારણથી પછી બંધ થયું. માતૃસંસ્થાના પંચમ અધિવેશન પછી પ્રયોગાત્મક સ્વરૂપે **''અસ્મિતા''**નું પ્રકાશન થયું હતું. ત્યારપછી ૧૯૯૪માં **''મહાપરિષદ''** નામે પ્રકાશન થતું હતું, પણ કાળક્રમે તે પણ બંધ થયું. છેલ્લે ૧૯૯૮માં ''શ્રી રઘુકુળ વિશ્વ'' માસિક મુખપત્ર નિયમિત પ્રકાશિત કરવાનું નક્કી કર્યું માનનીય પ્રમુખ શ્રી મથુરદાસ મજીઠીયાના કાર્યકાળમાં, જેના પ્રથમ અંકનું વિમોચન તા. ૫-૪-૧૯૯૮ના દિવસે શ્રી કચ્છી લોહાણા મહાજનના યજમાનપદે, મુંબઈ ખાતે યોજાયેલ કારોબારીમાં સંપન્ન થયું જે આજે ૨૦ વર્ષ બાદ પણ નિયમિત રીતે ચાલુ છે, પણ આપણા આ રઘુકુળ વિશ્વને કલરફૂલ ઓપ આપી છેવાડાના રઘુવંશીઓના ઉંબરા સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ અને શ્રેય તત્કાલિન પ્રમુખ માનનીય શ્રી યોગેશભાઈ લાખાણીને જાય છે. ત્યારબાદ આજના આ ડીજીટલ યુગમાં આપણા લાડલા પ્રમુખ માન.શ્રી પ્રવિણભાઈ કોટક તથા મહામંત્રી શ્રી હિમાંશુભાઈએ તેનો વધુ ફેલાવો કરી ટેક્નોલોજીના ઉપયોગથી દસ હજાર (ઈ ફોર્મ સાથે) રઘુવંશીઓ સુધી પહોંચાડવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

અહીં મારે મુખ્ય વાત એ કરવી છે કે જેવી રીતે ''રઘુકુળ વિશ્વ''ને કલરફૂલ બનાવી અહીં સુધી લાવવામાં શ્રી યોગેશભાઈનો સિંહફાળો રહ્યો છે તેવી જ રીતે **''આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિતરણ સમારોહ''** પણ શ્રી યોગેશભાઈ લાખાણીનું જ માનસ સંતાન છે. અગાઉ તેમના કાર્યકાળ પહેલાં રઘુવંશી સમાજના રત્નોને શોધી કાઢી માતૃસંસ્થાના મંચ પર આવા રત્નોનું બહુમાન એકલ દોકલ સ્વરૂપે થતું પરંતુ માન.યોગેશભાઈએ જ્ઞાતિશ્રેષ્ઠીઓના આર્થિક સહયોગથી જ્ઞાતિના વધુ ને વધુ શિક્ષિત લોકો, યુવાનો, બુદ્ધિજીવીઓ, સારસ્વતો, વિશિષ્ટ પ્રતિભાવંત લોકોને જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં ભેળવવા અને માતૃસંસ્થાના સુત્રને ફળીભૂત કરવા માતૃસંસ્થાના મંચ પર વિશ્વના પ્રતિભાવંત લોકોને એકઠાં કરી તેઓના બહુમાન અને ગુણગાન દ્વારા સમાજને ઉદાહરણ અને પ્રેરણા મળે તેવા ઉમદા હેતુથી આવા જુદી જુદી કેટેગરીઝના એવોર્ડ્સ આંતરરાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે આપવાનું શરૂ કર્યું અને એક પછી એક એમ આજે આપણે માતૃસંસ્થાના મંચ પરથી **૧૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડથી** જ્ઞાતિના વિવિધ ક્ષેત્રના પ્રતિભાવંત વ્યક્તિઓનું બહુમાન કરી ધન્યતા અનુભવીએ છીએ.

આપણો આ વર્ષનો આ એવોર્ડ વિતરણ સમારોહ આગામી તા. ૨૨, ૨૩ ડિસેમ્બરે ઉત્તર ગુજરાતના ડીસા ખાતેની આપણી કારોબારી વખતે ખૂબ જ ભવ્યતાથી યોજાઈ ગયો ત્યારે એટલું જરૂર કહીશ કે ''જ્ઞાતિ સંસ્થા એ વૈશ્વિક માનવ સમાજનું એક નાનકડું ઘટક છે. Small is beautiful એ ન્યાયે નાનકડા પરિસરમાં માણસને ખીલવવાની અનેક તકો સાંપડી રહે છે.'' આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિતરણ દ્વારા આપણે આપણા જ જ્ઞાતિરત્નોની વિશેષતાને બિરદાવી, પુરસ્કૃત કરી આપણે એને વધુ આગળ વધવાની પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડીએ છીએ. ''જ્ઞાતિમૈયાના ખોળામાં પાંગરેલું માનવપુષ્પ આગળ જતા વિશ્વવાટિકાને મહેકાવે છે.'' બસ આવા એક ભાવ સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દર વર્ષે આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહ યોજે છે ત્યારે સૌ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને ખાસ કરીને વિશ્વભરની મહાજન સંસ્થાઓને એક નમ્ર અપીલ છે કે આપ આપના વિસ્તારમાં, પ્રદેશમાં કે રાજયમાં આવી કોઇ વિરલ અને પ્રતિભાવંત રઘુવંશી વ્યક્તિને જાણતા હોય કે સંપર્કમાં આવ્યા હોય તો તેઓને આ આંતરરાષ્ટ્રીય એવોર્ડમાં નોમિનેટ થવા માટે પ્રોત્સાહિત કરો. માતૃસંસ્થા તો દર વર્ષે પોતાના મુખપત્ર દ્વારા અને હોદ્દેદારોના માધ્યમથી આ વિવિધ એવોર્ડ માટે પ્રચાર-પ્રસાર કરવાનો અથાગ પ્રયત્ન કરે છે. પણ જો એમાં સૌ મહાજનો, વિવિધ છાત્રાલયો, યુવા સંગઠનો, મહિલા સંગઠનો પણ પોતાના પ્રયત્નોથી જ્ઞાતિની પ્રતિભાઓને શોધી કાઢી પ્રેરણા આપતા રહેશે તો આ આંતરરાષ્ટ્રીય એવોર્ડનો મૂળભૂત હેતુ સિદ્ધ થશે અને આવનારી પેઢી માટે જ્ઞાતિમાંથી જ તેઓને રોલ મોડેલ્સ મળી રહેશે !!!

**- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# સમગ્ર વિશ્વના રઘુવંશીઓનું પ્રતિનિધિત્વ કરતી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક તથા એવોર્ડ એનાયત સમારોહ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન...





તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે મળેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં આગામી કારોબારી ડીસા મુકામે યોજવા માટે મળેલ સ્વીકૃતિ બાદ સમગ્ર ઉત્તર ગુજરાતમાં આવેલ ઉત્સાહથી સૌએ પ્રેમ અને લાગણીના દર્શન કરાવ્યા છે. ડીસાની ટીમે વારંવાર અમદાવાદ આવી તથા હોદ્દેદારોને ડીસા આમંત્રિત કરી માતૃસંસ્થાને આવકારવા માટેની તૈયારીમાં કોઈ કચાસ છોડી ન હતી. ડીસા સ્થિત તમામ સ્થાનિક મહાજનોની સંયુક્ત બેઠકો વારંવાર ડીસા મુકામે મળી હતી. સૌએ સુંદર સંકલન કર્યું. તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ પ્રેસ કોન્ફરન્સનું પણ આયોજન થયું. સમગ્ર ઉત્તર ગુજરાતના પ્રેસ અને મિડિયા સાથે સંકળાયેલા મિત્રોએ પણ પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મિડિયામાં સમાચારોને સ્થાન આપી સૌના ઉત્સાહમાં વધારો કર્યો. સમગ્ર ડીસા નગરના રોડ ઉપર ઠેર ઠેર હોર્ડિંગ્ઝ તેમજ ધજા પતાકાઓથી સમગ્ર નગરને રઘુવંશી નગર તરીકેનો ઠાઠ આપ્યો હતો. માતૃસંસ્થાના ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે બે દિવસ અગાઉથી જ ડીસા મુકામે પધારી સમગ્ર ડીસાની ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.





માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં પોતાના સેવાકાર્યો અને સિદ્ધિઓથી રઘુવંશની ગરિમાને જીવંત રાખનાર પ્રતિભાઓને પણ સન્માનિત કરવામાં આવી. તા. ૨૨ ડિસેમ્બર ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે યોજાયેલ આ એવોર્ડ સમારોહમાં એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ વિજેતાઓને એવોર્ડના દાતાશ્રીઓ, માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારો તથા સમાજશ્રેષ્ઠીઓ દ્વારા બહુમાન કરી સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.

સુંદર મજાના ભોજન પ્રસાદ બાદ એવોર્ડ સમારોહની શરૂઆત દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદન ગીતથી થઈ. ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ, સુ શ્રી વિણાબેન પાંધી, એવોર્ડ સમિતિના કન્વીનરશ્રી સી.જે. ઠક્કર, રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય, સંત શ્રી પૂ.ડૉ.રમાબેન હરિયાણી, તથા મંત્રીઓ શ્રી હિમાંશુ ઠક્કર તથા શ્રી પિયુષભાઈ ગંઠાને મંચસ્થ થવા વિનંતી કરી. એવોર્ડ સમારોહની શરૂઆત કરતા સમાજશ્રેષ્ઠી શ્રી શંકરભાઈ કતીરાએ સ્વાગત પ્રવચન કરતા પોતાના શબ્દોની લાગણીઓ વ્યક્ત કરી ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ એવોર્ડ સમારોહની ભૂમિકા ને ઉદેશ વિશે સૌને માહિતગાર કર્યા અને પધ્ધતિસર રીતે થતી પસંદગીની



પ્રક્રિયાથી સૌને માહિતગાર કર્યા. એવોર્ડની શરૂઆત કરતા વિશેષ રીતે પ્રખર રામાયણી પૂ.સંત રમાબેન હરિયાણીને પણ રઘુવંશી મહર્ષિ એવોર્ડ અર્પણ કરવામાં આવેલ. પૂ.રમાબેન હરિયાણીએ પોતાને મળેલ આ એવોર્ડ રામનામને સમર્પિત કરી લાગણીસભર શબ્દોમાં આ સભાને આશીર્વચન પાઠવ્યા. અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ખુબ જ સાધન સંપન્ન



પરિવારમાંથી આવતા અને જીવનની કૂમળી વયે રામનામ માટે જીવન સમર્પિત કરવાનો નિર્ધાર કરનાર પૂ.રમાબેન હરિયાણીએ ચિત્રકૂટ, રાજકોટ, પુષ્કર, ધ્રાંગધ્રા જેવા નગરોમાં તેમની સેવાને બિરદાવી માનસની ચોપાઈ

"ચિત્રકૂટ કે ઘાટ પે સબ સંતન કી ભીડ, તુલસીદાસજી ચંદન ઘીસે, તિલક કરે રઘુવીર..."



ને યાદ કરતાં જણાવ્યું હતું કે, પૂ.રમાબેન હરિયાણીએ માતૃસંસ્થાના એવોર્ડનો સ્વીકાર કરી જાણે તેઓ શ્રી લોહાણા મહાપરિષદને તિલક કરવા માટે આવ્યા હોય તેવી અનુભૂતિનો અહેસાસ થઈ રહ્યો છે. સભાએ તેમના આ શબ્દોને તાળીઓથી વધાવી લીધા હતા.










એવોર્ડની આ શૃંખલાને આગળ વધારતા શ્રી કિશોરભાઈ આથા પરિવાર (આથા ગ્રુપ) પ્રેરિત શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડ શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન, શ્રીમતી શાંતાબેન વ્રજદાસ દત્તાણી (હ.દત્તાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ કોલકાતા /મુંબઈ) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડ ચિ. ગર્વ વિપુલભાઈ ઠક્કર (ગાંધીનગર), ચિ. અસ્મિ તેજસભાઈ ગણાત્રા (આણંદ), ચિ. વરૂણ પારસભાઈ બુધ્ધદેવ (મુંબઈ), ચિ. રાઘવ સચિનભાઈ કોટેચા (કોઈમ્બતુર), ચિ. નંદન મનોજભાઈ જવાણી (આણંદ), ચિ. આદિત્ય હરેન્દ્રકુમાર ઠક્કરને એનાયત કરવામાં આવ્યો હતો. સ્વ.શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા (હ.વડેરા પરિવાર, ગોંદિયા) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ શ્રી સંકેતભાઈ બિપિનકુમાર તન્ના (મુંબઈ)ને, જ્ઞાતિશ્રેષ્ઠી સ્વ. શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ શ્રી શાંતિલાલ સી.ઠક્કર (ડીસા)ને, સ્વ.શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર (હ.શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ શ્રી રોહન અશ્વિનભાઈ ઠક્કર (યુ.એસ.એ)ને, શ્રી પ્રફુલભાઈ સેજપાલ પરિવાર (કુન્નુર) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા એવોર્ડ શ્રી વરૂણ અશોકભાઈ ઠક્કર (ચેન્નઈ)ને, સ્વ.શ્રીમતી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા એવોર્ડ શ્રી ડૉ. મનોજભાઈ રમણીકલાલ જવાણી (આણંદ)ને, મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ.શ્રી નવિનભાઈ મજીઠીયા) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ ધૃતિબેન ચેતનકુમાર ગોકાણી (અમદાવાદ) અને અંજલિ સંજયકુમાર તન્ના (ગાંધીનગર)ને, શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા) સુરત પ્રેરીત (હસ્તેં કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા) શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ શ્રીમતી ભારતીબેન રમેશભાઈ રાજદેવ (ભૂજ)ને, શેઠ શ્રી કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા (વડેરા) સુરત પ્રેરિત (હસ્તે : જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ભજીયાવાલા) શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડ શ્રીમતી શોભનાબેન કિરણકુમાર કારીયા (રાજકોટ)ને, શ્રી દક્ષી દિપક વાઘાણી ટ્રસ્ટ પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડ શ્રી ગીરીશભાઈ રામજીભાઈ મોનાણી (રાજકોટ)ને, મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હસ્તે શ્રી નવીનભાઈ મજીઠીયા) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ શ્રી પૃથ્થક પ્રહલાદભાઈ ઠક્કર















(ગાંધીનગર)ને, સુશ્રી મંગળાબેન હસમુખભાઈ કારીયા, વી,વી.નગર પ્રેરિત (હસ્તે તેજલ પરેશ કારીયા) શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડ શ્રી જીજ્ઞેશભાઈ વ્રજલાલ પોપટ (પોરબંદર)ને એનાયત કરવામાં આવ્યા હતા.



એવોર્ડની આ શૃંખલાને ખુબ જ સુંદર બનાવવા માટે ડીસા રઘુવંશી સમાજની દીકરીઓ જાનકી મુકેશભાઈ ઠક્કર, વૈદેહી ઠક્કર, હીર હિમાંશુભાઈ, પિયુલ સચદે, ખુશી ભાવેશભાઈ, ખુશાલી ભાવેશભાઈ, વિધિ વિજયભાઈ, રાહી અલ્પેશભાઈ, સાચી અલ્પેશભાઈએ સમયાંતરે વિવિધ પ્રકારની સાંસ્કૃતિક અને નાટ્યાત્મક કૃતિઓ રજૂ કરી સૌના મન મોહી લીધા હતા. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તરફથી આ તમામ દીકરીઓને રૂા. ૧૧૦૦/-ની ખુશી ભેટ જાહેર કરી હતી. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદની સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રી જિતેન્દ્રભાઈ ઠક્કરે ખૂબ જહેમત ઉઠાવી તૈયાર કરાવેલ રઘુવંશી ગૌરવ ગાનનું પણ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમના પિતાશ્રી જમુભાઈ ઠક્કરે કરેલ સમાજ સેવાને પણ બિરદાવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન એવોર્ડ એનાયત સમારોહનું સુંદર સંચાલન શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ), શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ. લગભગ રાત્રે ૧.૦૦ કલાકે એવોર્ડ સમારોહનું સમાપન જાહેર કરતા બંધુ સાહેબે જણાવ્યું હતું કે રાત્રે ૧.૦૦ કલાકે પણ અનંતરા ગ્રીન્સના બેન્કવેટ હોલમાં સભ્યોની ખીચોખીચ હાજરી જોઈ ધન્યતાની લાગણી અનુભવી હતી અને યજમાનશ્રી દ્વારા રાત્રે કરાયેલ સુંદર મજાની ગરમ નાસ્તાની વ્યવસ્થાનો લાભ લઈ છૂટા પડવા માટે સૌને વિનંતી કરાઈ હતી.





રઘુવંશી મહર્ષિ એવોર્ડથી સન્માનિત થતા પૂ. રમાબેન હરિયાણી



શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડથી સન્માનિત થતા શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન



શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી શાંતિલાલ ચુનીલાલ ઠક્કર



શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી રોહન અશ્વિનભાઈ ઠક્કર



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
ચિ. આદિત્ય હરેન્દ્રકુમાર ઠક્કર



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
ચિ. નંદન મનોજભાઈ જવાણી




શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
ચિ. રાઘવ સચિનભાઈ કોટેચા અને ચિ. વરૂણ પારસભાઈ બુધ્ધદેવ




શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
ચિ. અસ્મિ તેજસભાઈ ગણાત્રા અને ચિ. ગર્વ વિપુલભાઈ ઠક્કર



શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી સંકેતભાઈ બિપિનકુમાર તન્ના



શ્રેષ્ઠ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા એવોડથી સન્માનિત થતા
શ્રી ડૉ. મનોજભાઈ રમણીકલાલ જવાણી




શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડથી સન્માનિત થતા
શ્રી જીજ્ઞેશભાઈ વ્રજલાલ પોપટ




શ્રેષ્ઠ રઘુવંશી નારી પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રીમતી ભારતીબેન રમેશભાઈ રાજદેવ




શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
સુશ્રી ધૃતિબેન ચેતનકુમાર ગોકાણી




શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી પૃથ્થક પ્રહલાદભાઈ ઠક્કર



શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી અંજલિ સંજયકુમાર તન્ના



શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી વરૂણ અશોકભાઈ ઠક્કર




શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રી ગીરીશભાઈ રામજીભાઈ મોનાણી



શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડથી સન્માનિત થતા
શ્રીમતી શોભનાબેન કિરણકુમાર કારીયા




સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સમગ્ર રઘુવંશી સમાજ ડીસાના યજમાનપદે અનંતરા ગ્રીન્સ, ડીસા મુકામે તા.૨૩ ડિસેમ્બર, ૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન શ્રી લોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટ મંડળની બેઠક યોજાઈ હતી. બરાબર ૧૦.૧૫ કલાકે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને ટ્રસ્ટી મંડળનું સભાખંડમાં આગમન થતાં સૌ





વરિષ્ઠ હોદ્દેદારો સાથે દિપ પ્રાગટ્ય કર્યા બાદ મંચસ્થ થઈ રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી કારોબારી સમિતિની બેઠકની શરૂઆત કરવામાં આવી. અત્રે તમામ સ્થાનિક સંસ્થાઓના સંયુક્ત યજમાનપદવતી સમાજશ્રેષ્ઠી શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)એ લાગણીસભર રીતે સ્વાગત પ્રવચન કર્યું હતું. અને ડીસા નગરની માતૃસંસ્થા સાથે જોડાયેલી યાદોને વાગોળી ડીસાના જ્ઞાતિ ઉત્કર્ષના યોગદાન વિશે પણ વાતો કરી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનું તમામ યજમાન સંસ્થાઓના પ્રમુખશ્રીઓ અને સંચાલકો દ્વારા પુષ્પના હારથી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ કોઈમ્બતુરથી ખાસ પધારેલા સુ શ્રી રૂપલબેન ઠક્કરે મનનીય રીતે ‘‘ઇતની શક્તિ હમેં દેના દાતા’’ મનનીય ગીત ગાન કરી વાતાવરણને ચેતનવંતુ બનાવ્યું હતું. એજન્ડા અનુસાર આગળ વધતાં ગત છ માસમાં સમાજે જે જે રઘુવંશી શ્રેષ્ઠીઓને ગુમાવ્યા છે અને માતૃસંસ્થાના કાર્યાલય પર જેમની નોંધ મળી છે તે તમામ શ્રેષ્ઠીઓને યાદ કરી સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે નામાવલીનું વાંચન કરી બે મિનિટ મૌન પાળી સભાએ શોક સંદેશ









પસાર કર્યો હતો. કારોબારી સમિતિની આ બેઠકમાં જે જે સભ્યશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત નથી રહી શક્યા તે તમામના સંદેશાઓનું વાંચન સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કરે કર્યું હતું. ત્યારબાદ એજન્ડા અનુસાર તા.૨૪ જૂન, ૨૦૧૮ ના રોજ કોઇમ્બતુર મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કર્યું હતું. જેને સભાની બહાલી મળતાં તેમણે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર મેળવ્યા હતા. ત્યારબાદ ભાગવત વિદ્યાપીઠના સંકુલમાં નવીનીકરણ પામેલ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતનની કાર્યપદ્ધતિ અંગે અને ઊભી થયેલી વ્યવસ્થા અંગે મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ વિગતવાર રજૂઆત કરી હતી. એજન્ડા અનુસાર સૌ પ્રથમ કચ્છ વિભાગના ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કરે, ઉત્તર પૂર્વ વિભાગના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ ઠક્કર તેમજ સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણાએ પોતપોતાના વિસ્તારમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સેવાકાર્યો અને પ્રવૃત્તિઓ વિશે આવેલી જાગૃતિથી સૌને માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ કર્ણાવતી ક્લબ, અમદાવાદ મુકામે યોજાયેલી મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં લેવાયેલા અગત્યના સૈધ્ધાંતિક નિર્ણયો અને આ બેઠકમાં ઉપસ્થિત રહેલા ૫૦૦ જેટલા સભ્યોના મળેલા જોરદાર સમર્થન અને વિશ્વાસ બદલ સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી માતૃસંસ્થાની કાર્યપદ્ધતિ અંગે સૌને માહિતગાર કર્યા હતા જેને સમગ્ર સભાએ અનુમોદન આપી તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.







શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શરૂ થયેલ થેલેસેમિયા નાબૂદી અભિયાન અંગે થેલેસેમિયા સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ ઉનડકટે માતૃસંસ્થાના માર્ગદર્શનમાં રક્ત પરિક્ષણ કેમ્પ તથા થેલેસેમિયા મેજર બાળકોની સુખાકારી માટે લેવાતા વિવિધ પગલાંઓ માટે પણ સંતોષ વ્યક્ત કર્યો હતો. છેલ્લા દોઢ વર્ષમાં કોઈ પણ નવું થેલેસેમિયા મેજર બાળક આપણી જ્ઞાતિમાં જન્મ્યું હોય તેવો કોઈ રિપોર્ટ નથી તેમ જણાવી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. અમદાવાદ મુકામે જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ દ્વારા સુંદર રીતે ચાલી રહેલ થેલેસેમિયા ડે કેર સેન્ટરમાં લગભગ ૨૫૦ જેટલા થેલેસેમિયા મેજર બાળકોની સુખાકારી માટે જ થઈ રહેલા સુંદર પ્રયત્નો બદલ પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

ત્યારબાદ એજન્ડા અનુસાર માતૃસંસ્થાની મહિલા પાંખના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ પોતાની રજુઆત કરતાં મહિલા વિભાગને મળેલા પ્રોત્સાહન બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ડૉ. નીમાબેન આચાર્યએ મહિલા સમિતિ દ્વારા વિસ્તારો તથા પ્રદેશોમાં કરવા યોગ્ય કાર્યો અંગે સભાને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ છેલ્લા બે વર્ષમાં થયેલા ભુજ, નાગપુર તથા અંબાજી મુકામેના મહિલા સંમેલનોને યાદ કરી આગામી સંમેલન તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ બેંગલોર મુકામે યોજાનાર છે. તેવી જાહેરાત કરી સૌને આ સંમેલનમાં પધારવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના યુવા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા અનુપસ્થિત હોતા ગુજરાત વિભાગના અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્યએ યુવા વિભાગ દ્વારા થયેલી બેઠકો તથા સિધ્ધપુર મુકામે યોજાયેલા સંમેલન તથા સ્વચ્છતા અભિયાનને યાદ કરી આગામી સમયમાં પણ એક યુવા સંમેલન યોજવા માટેની કટિબધ્ધતા













વ્યક્ત કરી હતી. સાથે સાથે સરકારશ્રી દ્વારા જરૂરિયાતમંદ પરિવારોના કલ્યાણ માટે ચાલતી વિવિધ યોજનાઓ અંગે પણ જાગૃતિ કેળવવા માટે અપીલ કરી અને ગામે ગામ યુવક મંડળો દ્વારા રક્તદાન ને શ્રેષ્ઠદાન ગણાવી રક્તદાન માટે વધુ ને વધુ યુવકોને જોડાવા અપીલ કરી હતી. ત્યારબાદ જૂનાગઢથી ખાસ પધારેલા શ્રી પાર્થ ગીરીશભાઈ કોટેચાએ પણ યુવા જાગૃતિ માટે મનનીય વક્તવ્ય આપ્યું હતું અને યુવાનોના વધુ ને વધુ જોડાણથી માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ વેગવંતી બની છે તે માટે પણ વર્તમાન ટીમ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

એજન્ડા અનુસાર વરિષ્ઠ હોદ્દેદારોમાં ઓમાન, મસ્કતથી પધારેલા શ્રી દિનેશભાઈ પવાણીએ પણ એક મહિલા સંમેલનનો એક કાર્યક્રમ મસ્કત મુકામે ગોઠવવા રજુઆત કરી હતી એ જ રીતે દુબઈથી ખાસ પધારેલા સમાજશ્રેષ્ઠી શ્રી મુકુંદભાઈ હરીભાઈ ઠક્કરે આ વર્ષમાં દુબઈ મુકામે માતૃસંસ્થાના તત્વાવધાનમાં એક કાર્યક્રમનું આયોજન કરવા નિમંત્રણ પાઠવ્યું હતું. ડીસાના સમાજશ્રેષ્ઠી શ્રી શંકરભાઈ કતીરાએ શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ જ રસદાર મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના સભ્ય બનવા માટે સૌને અપીલ કરી હતી.અત્રે માતૃસંસ્થાના સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢિયા તરફથી શ્રી રઘુકુળ વિશ્વના આ જ દિવસે આજીવન સભ્ય બનનાર સભ્યોને અંદાજે રૂા. ૭૦૦ની કિંમતની એક આકર્ષક ભેટ પણ ત્વરિત આપવાની જાહેરાત કરી હતી. અત્રે શ્રી શંકરભાઈ કતીરાએ તેમના મિત્ર શ્રી દીપકભાઈ કક્કડ (વેરાવળ)ના મળેલા સંદેશા મુજબ માતૃસંસ્થા શ્રી લોહાણા મહપરિષદના કારોબારી બેઠક શ્રી સોમનાથ ક્ષેત્રમાં યોજવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. અત્રે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મુંબઈ, દુબઈ તથા બેંગલોરના શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી બેઠક માટે આવેલા આમંત્રણો અંગે પણ સૌને માહિતગાર કરી પ્રમુખ શ્રીના માર્ગદર્શન મુજબ આગામી કારોબારી સમિતિની બેઠક અંગે યોગ્ય જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ટ્રસ્ટીમંડળ વતી સુ શ્રી વીણાબેન પાંધીએ પણ લાગણીસભર રજુઆત કરી માતૃસંસ્થાની ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે શ્રી પ્રવિણભાઈ કોટકની નેતૃત્વની શક્તિને બિરદાવી આગામી લોકસભામાં રાજનીતિક ક્ષેત્રે પણ તેમને તાકાતથી પદાર્પણ કરવા માટે અપીલ કરી હતી. શેર ઓ શાયરીના અંદાજમાં શ્રી ઉમંગભાઈ ઠક્કરે વાતાવરણને હળવું બનાવી દીધું હતું. શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, આપણા સમાજનો મહત્તમ વર્ગ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલો હોવાથી અગ્રીમતા આપવી આમ છતાં સમાજની લાગણી અને નેતૃત્વનો અવકાશ જ્યાં પણ મળતો હોય ત્યાં ચોક્કસ તક લેવી અને શ્રી પ્રવિણભાઈ કોટકને આગામી લોકસભામાં યોગ્ય સ્થાન મળે તે માટે રજૂઆત કરવી. આ વાતને માતૃસંસ્થાના સંયુક્ત મંત્રી અને રાજકારણમાં સક્રિય એવા સુ શ્રી કાશ્મીરાબેન નથવાણીએ જોરદાર સમર્થન આપતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીને ગુજરાત પ્રદેશ તેમજ દિલ્હી મુકામે પત્ર દ્વારા ચોક્કસ રજુઆતો કરી અને ફક્ત રાજકોટમાંથી જ એક લાખ સહીઓનું સમર્થન પ્રદેશ કાર્યાલય પર પહોંચતું કરાશે. આ જ કાર્યવાહી વિવિધ મહાજનશ્રીઓને પણ કરવા માટે મંચ ઉપરથી અપીલ કરાઈ હતી.



માતૃસંસ્થાના વાઈસ ગવર્નર અને ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પોતાનું વકતવ્ય રજુ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર રઘુવંશી સમાજે સંગઠિત થઇ એકતાનાં દર્શન સૌને કરાવવાં જ જોઈએ. ''માંગ્યા વિના માઁ પણ ના પીરસે'' એ ઉક્તિનો ઉલ્લેખ કરી શ્રી પરેશભાઈએ તમામ પ્રદેશ વિસ્તારમાંથી તમામ જ્ઞાતિ સંસ્થાઓ અને મહાજનશ્રીઓ દ્વારા મક્કમ રજૂઆત લોહાણા જ્ઞાતિના રાજનીતિક પ્રતિનિધિત્વ માટે કરવી જ જોઈએ.

ત્યારબાદ માતૃસંસ્થાના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ આપેલ હૃદયસ્પર્શી વકતવ્યમાં લોકોને રમૂજ, જ્ઞાન અને મીઠી ટકોરનો સમન્વય પ્રસ્તુત કર્યો હતો. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અધિવેશન કાળમાં પણ ડીસા નગરનું યોગદાન તથા શ્રી રઘુકુળ વિશ્વમાં બંધુ સાહેબનું યોગદાન તથા મીટીંગના આયોજન માટે ડીસાની ટીમનો ઉત્સાહના દર્શન કરી તેમણે ધન્યતા વ્યકત કરી હતી. શ્રી યોગેશભાઈ લાખાણીએ ડીસાના બટાકાને પણ યાદ કરી ચાલુ મીટીંગ દરમિયાન નાસ્તાઓ અને વ્યંજન ન પીરસાય તે માટે મીઠી ટકોર પણ કરી હતી. શ્રી યોગેશભાઈ લાખાણીએ માતૃસંસ્થાની ગરિમા અંગે અને થઈ રહેલી સેવાકાર્યની પ્રવૃત્તિ અંગે આનંદ વ્યક્ત કરતાં સભામાં ઉપસ્થિત વિવિધ મહાજનો અને સંસ્થાના પ્રતિનિધિઓને અપીલ કરી હતી કે પૂરતી જાણકારી કે યોગ્ય સમજણના અભાવે દેશ અને વિદેશના કોઇ પણ ખૂણામાંથી ઊભા થતા પ્રશ્નોને વાચા આપવા માટે સ્થાનિક મહાજનો અને સંસ્થાઓને શક્ય હોય તો પોતાના લેવલે જ નિરાકરણ લાવવા અને જો માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને ધ્યાને લાવવા જેવા બાબત જણાય તો યોગ્ય માધ્યમથી સ્થાનિક મહાજનના પ્રમુખ શ્રી કે હોદેદારો દ્વારા જ આવી રજૂઆતો આવે તે માટે અનુરોધ કર્યો હતો. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ એ વ્યક્તિઓની સંસ્થા નથી પરંતુ મહાજનો અને સંસ્થાઓની સંસ્થા છે તેમ જણાવી કાર્યકર્તાઓ અને સમર્પિત સભ્યોની ટીમનો વિશ્વાસ અને ઉત્સાહ વધે તેવું વાતાવરણ ઊભું કરવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. શ્રી યોગેશભાઈએ શાસ્ત્રોના શ્લોકોનું અનુસંધાન લઈ સમાજમાં સેવાનું બળ વધે તે માટે સૌને અપીલ કરી હતી. ત્યારબાદ જેમને સાંભળવા આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવા સૌના લાડીલા એવા શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાનું પ્રમુખકીય ઉદ્‌બોધન કર્યું હતું અને ખૂબ જ રસાળ શૈલીમાં સંપૂર્ણ રજૂઆતો કરતાં સમગ્ર વાતાવરણને ખીલવ્યું હતું. શ્રી પ્રવિણભાઈ કોટકે રઘુવંશી સમાજ ડીસા દ્વારા તૈયાર કરાયેલ સુંદર મજાના હારના ભારોભાર વખાણ કરી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સાથે સાથે ડીસા સાથેનો તેમનો વર્ષો જૂનો સંબંધ દોહરાવી પોતાની જૂની યાદો તાજી કરી હતી અને વતન પ્રત્યે ગૌરવની લાગણી અનુભવી હતી. લોહાણા જ્ઞાતિનું રાજનીતિક પ્રતિનિધિત્વ મળી રહે તે માટે તેમણે આગામી લોકસભાની ચૂંટણી દરમિયાન જો

શાસક પક્ષ આદેશ કરે તો પોતાની તમામ પ્રકારે તૈયારીઓ દર્શાવી સભા પાસેથી આશીર્વાદ માગ્યા હતા.

આ બે દિવસીય આયોજનને સફળ બનાવવા ડીસા સ્થિત રઘુવંશી લોહાણા સમાજની શ્રી રઘુવંશી દેશી લોહાણા મહાજન - ડીસા, શ્રી થરપારકર લોહાણા મહાજન - ડીસા, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન - ડીસા, શ્રી મારવાડી લોહાણા સમાજ - ડીસા, શ્રી લાડ લોહાણા સિંધી થરી પંચાયત - ડીસા એ ખૂબ જ સુંદર સંકલન કરી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને જાજરમાન આતિથ્યથી આવકારી. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક દર છ માસે દેશના અલગ અલગ ભાગોમાં યોજાતી હોય છે ત્યારે ઉત્તર ગુજરાતમાં આ બેઠકના આયોજનથી જ્ઞાતિસેવા અને સંગઠનની પ્રવૃત્તિઓ વેગવંતી બનશે. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શિક્ષણ સહાય, આરોગ્ય સહાય તથા જાહેર જીવનને સ્પર્શતા વિષયો સાથે અનેક સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ અવિરતપણે ગતિશીલ છે. આ સમિતિની બેઠકના સમાપન તરફ આગળ વધતાં પાંચેય મહાજનશ્રીઓનું માતૃસંસ્થા વતી મેમેન્ટો અને ખેસથી અભિવાદન કરી પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે ડીસા નગરની લાગણી, પ્રેમ અને આતિથ્યભાવને ભારોભાર વખાણી સૌને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખૂબ જ સુંદર રીતે કરવા બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ) તથા શ્રી હર્ષદરાય ઠક્કરનું પણ અભિવાદન કર્યું હતું. અંતમાં, શ્રી નિલેશભાઈ ઠક્કરે આભારવિધિ કરવાની તેમને તક મળી તે બદલ અને આ પ્રસંગને સમાજનું સદ્ભાગ્ય ગણી જે જે સભ્યોએ આમાં કોણ પણ પ્રકારે પોતાનું યોગદાન આપ્યું છે તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી આ સમિતિની બેઠકને પૂર્ણ જાહેર કરી હતી. માતૃસંસ્થાના આ બે દિવસીય કાર્યક્રમમાં શ્રી હિંમતભાઇ કોટક, શ્રી મનુભાઇ ગોકલાણી, શ્રી ભવાનભાઇ કોટક, શ્રી અજયભાઇ ઠક્કર તથા અન્ય સભ્યોએ પણ ડીસાની ટીમ સાથે સતત સંકલનમાં રહી આ કાર્યક્રમને ચાર ચાંદ લગાયા હતા.






માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા "શ્રી રઘુવંશી દેશી લોહાણા મહાજન"



માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા "શ્રી થરપારકર લોહાણા મહાજન"



માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા "શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન"



માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા "શ્રી મારવાડી લોહાણા મહાજન"




માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા "શ્રી લાડ લોહાણા સિંધી થરી પંચાયત"

## આરોગ્ય સમિતિ

### Shree Lohana Shree Lohana Mahaparishad – Medical Committee Organized All India Raghuvanshi Doctor's Sammelan on 30th December 2018 at Ahmedabad.




This sammelan was organized in last days of Year 2018 to look positively for coming years 2019 and 2020 to create Healthy, Wealthy and Prosporous Lohana Community. This Sammelan was attended by around 75+ Medical Doctors and Experts from Lohana Community and they represented Different parts of India. This program was presided by Pravinbhai Kotak-LMP President. Other dignitaries on dias were Himanshubhai Thakkar, Gen. Secretary-LMP, Himmatkaka, Treasurer-LMP, Dinesh Bhai Mehta Trustee in Bhagwat Vidyapeeth, Dr. Nandlal Mansatta, Chairman LMP Health Committee, Dr. Nareshbhai Suchak Gen. secretary LMP Health Committee.

A warm welcome was given by Mrs. Daksha Ben Suchak (W/O Nareshbhai Suchak).
She explained larger Picture of India Lohana Population division from Shree Lohana Mahaparishad Geographically as North India, South India, East India and West India. As Lohana Population is Maximum in West Zone particularly Gujarat and Maharashtra, Thus Gujarat State is sub divided in Zones Like Kutchh, Saurashtra, North Gujarat, South Gujarat, Central Gujarat. This program had an intentention that our Community has given lot of things to us its time to give back to the Lohana Community.

Dr. Nandlal Mansatta Sir Chairman LMP Health Committee suggested everyone to get max. benefit from this meeting as Cream of Lohana Doctors was gathered. On this day and its most precious moments to be together and envision future. He welcomed all from bottom of his heart. He is practicing ENT Surgen and apart from his regular practice he does lot of Charitable activities and runs a 1000 Crore Trust Hospital in Sawarkundla (North Gujarat).

LMP President Pravin Bhai Kotak was very happy seeing all doctors in big numbers and he said that Education and Health are prime priorities for Lohana Shree Lohana Mahaparishad. To serve community is highest form of Dharma for anyone. LMP will form policies based on Aarogya Samiti suggestions on Health. He suggested a gathering of 3000-5000 Doctors in 2019 which will be completely taken care of by Pravin Bhai Kotak (LMP). He also recommended that Lohana Doctors should refer each other for Lohana Patients so that unnecessary Investigations and treatments can be avoided which is prime duty of Aarogya Sena. He informed that one hospital was to be given to LMP from Govt. on PPP model in Ambaji but we lost the opportunity. Now we are ready for any such offer. He concluded his speech with Thalesemia disease as it is important area of concern for us as a community.

Himanshubhai Thakkar, Gen. Secretary of Lohana Shree Lohana Mahaparishad said that Shree Lohana Mahaparishad has Max. Limit of Help per Patient is Rs. 1,00,000/-. He also said that there should be well defined and well directed dedicated team of Doctors from medical committee of Shree LMP so that when any emergency comes whom to direct? Need Team of Doctors who can visit LMP office weekly twice or thrice to resolve qurries as well as to assist the applications received by needy families for medical help or can answer with some mechanism of Digital communications. He also suggested if we can have Directory of Medical Doctors which we can circulate to all Mahajans. Shri Himanshubhai had also urged the doctors to take interest in the activities of local Mahajans so that he can be of direct help to the concerned families through Mahajans in case of medical guidelines Or we can develop a mobile application or Digital Directory







so anyone can reach Nearby doctors easily. It was also suggested if all Mahajan can identify really needy families which needs Medical insurance or want to register in Govt. Health policies- There should be a desk or dedicated team. Incase of Mediclaim Premium or Medical aid we derive a mechanism in which 33% contributed by LMP, 33% by local Mahajan and 33% by Aarogya Sena so that no family will remain uncovered. We have approximately 600 Lohana Mahajans across India- we can inform to all Mahajan about Health Policies to be defined by LMP- Aarogya Samiti. He recommended that in all Mahajan we can invite Traditional therapists like Ayurveda, Homoeopathy, Yoga, Nature cure & Sujok Therapist to hold camps and giving awareness Lectures. He also Special program can be organized after finishing 10th and 11th Std to give career counseling to those who are aspirant to become medical Doctors. LMP is working hard on Thalesemia Patient also as in last 18 months no Thalesemia Major patient is born in Lohana Community. He also suggested to create movement of Blood and Organ donations in all Mahajans. LMP will make sure that Aarogya Sena information reaches to all Mahajans.

Dr. Naresh bhai Suchak Gen. secretary LMP Health Committee. gave an outline of day's program. He asked every Doctor to introduce themselves and described aim and Objective of this Sammelan.

- No Lohana family member enters Emergency for health.
- In case anyone enters in emergency then how can we help Patient?
- Whether they need Medical opinion/Concessional Consultation/ Expert reference/ Financial Support/ anything related to health how we can help as a Community? We should have a good support in Ahmedabad being connected entire India.
- We wish every family in our community to be physically fit and Healthy.
- We need to discuss roles as Medical Doctors in LMP Vision for reaching last family of Lohana Community.

He invited different zone representatives to give their Suggestion and Opinions based on their 30+ years of experiences.

Dr. Acharya from kutchh represented Kutchh and Bhuj zone gave a new name as Aarogya Sena. All Doctors are part of this Aarogya Sena. He described that all Lohanas are having everything but Health. As we work hard to develop business but can't give time to health. So Aarogya Sena has to help each and every family of Lohana Community when the demand arises. No death should happen due to lack of money.

Dr. Himanshu Thakkar from Rajkot represented Saurashtra Zone. He suggested that Lohana Shree Lohana Mahaparishad, Local Mahajan and Aarogya Samiti should create a Chain by which we can reach to last family of every Mahajan. Again for Financing he





recommended that contribution from Local Mahajan, Lohana Shree Lohana Mahaparishad and Finally Discounting part from Aarogya Samiti should be ideal long lasting policy.

Dr. Mukund karia from Surat represented South Gujarat Zone said well beginning is half done. He suggested if we start referring Lohana Doctors then lot of cost on treatment can be saved. As our doctors will not do anything bad for patients. Again Senior doctors need to upgrade young doctors so that tomorrow they can continue same work for Lohana Community.

Dr. Paresh Ruparelia from Ahmedabad represented Central Gujarat Zone gave a good suggestion to support young Generation when they want to choose medicine as career. He also recommended that traditional therapies can be preferred as Prevention than entering into Emergencies. He also suggested formation of Medico Legal body. As when any Doctor has any problem from Police or Medico Legal then Lohana Community should stand next to Doctors as it gives lot of Moral support.

Dr. Vasant Ganatra from Palanpur represented North Gujarat Zone. He said maximum deaths happens due to accident. So we need to give lot of awareness in our community on Driving and Parking on Highways or long Drives. He also suggested Yoga as prevention of Diseases.

Dr. Dilip Raichura from Mumbai represented Maharashtra he suggested that all Mahajan has different committees or departments as in Mumbai they have 25 committees. Lohana Mahajan wadi can be used for different activities, for up liftment of Lohana community. All Mahajan should give importance to Education and health aspects. The way we have policies and funds for Education similarly we can have budget for Health emergencies.

SJ T. Jignesh Gokani from Hyderabad represented South India suggested LMP to create a mechanism through Aarogya Samiti to connect all Mahajans internally. He also suggested there are lot of Govt. Policies which Mahajan can adopt and can support Lohana families. He requested to Aarogya sena can we start appreciating good work done by our People? It is needed to be taught by practicing in Lohana Community. He suggested all young doctors to follow senior doctors as they have lots of Experience.

On this occasion LMP - President Pravin Bhai Kotak felicited most respected Doctors in Lohana Community.

1. Dr. Pravin Kanabar He is 83 Years old and is Orthopedic Surgeon having practice of more than 51 Years. A strong pillar of medical Committee.
2. Dr. Anish Chandarana Cardiologist and Director of CIMS hospital Ahmedabad.
3. Dr. Sunil Popat Gatro entrologist and Director of Nidhi Hospital Ahmedabad
4. Dr. Suresh Thakkar Urologist Palanpur
5. Dr. Bhavesh Acharya Chairman, All Gujarat Red Cross Society. He works strongly on Thalesemia Patients.

Dr. Pravin Kanabar Sir suggested that as Lohana Community has given him helping hand in 1957 which he paid back but it motivated him to pay back to society. He also said that community should not expect everything free from Doctors there has to be some contribution from Local Mahajan and LMP is always there. He also suggested donations of students are very difficult in present scenario. So it would be another area to think how to support upcoming doctors for donations.

Dr. Anish Chandarana gave 4 important suggestions to all Doctors and specifically to young generation

1. Get academic brilliance. Keep upgrading yourself in your subject
2. Move from individual performance to group or institutional performance
3. Implementing and integrating medical ethics Not to harm your patient or treat them as if you are treating your family member
4. Remaining healthy is supreme priority for all According to Indian system of medicines Health is purity of Body, Mind and spirit which are reflected in Thought, Speech and Action.

Lohana Aarogya Samiti has decided to meet every Zone quarterly. So every 4th Sunday of March, June, September and December. Shree Lohana Mahaparishad Aarogya Samiti will meet so all Doctors of that Zone. So next meeting is decided for South Gujarat Zone in Surat on 24th March 2019. Next Meetings will be organised in Rajkot, Bhuj & Mumbai in due course.

**Report by : Dr. Jignesh Gokani, Hyderabad**

# પર્યાવરણ સમિતિ

પાણી બચાવો,
જીવન બચાવો

તા.૫-૧૦-૨૦૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા અમદાવાદના મેયર બિજલબેન પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થઈ રહેલ વિવિધ અભિયાનો જેવા કે ''વૃક્ષો વાવો ધરતી બચાવો'', ''પાણી બચાવો જીવન બચાવો'', ''અન્ન બચાવો જીવન બચાવો, પર્યાવરણ બચાવો'' વિગેરે વિગેરે ચર્ચા કરવામાં આવેલ શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા તેમને માતૃસંસ્થાના મુખપત્ર ''શ્રી રઘુકુળ વિશ્વ''ના અંકો સાથે સાથ વૃક્ષો વાવો ધરતી બચાવો અભિયાનનું બ્રોસર આપવામાં આવેલ. શ્રી બિજલબેન પટેલે પર્યાવરણ સમિતિના વિવિધ અભિયાનોને બિરદાવેલ તથા ભવિષ્યમાં અમદાવાદ ખાતે પર્યાવરણની પ્રવૃત્તિઓ માટે સાથે કામ કરવાનું આશ્વાસન પણ આપવામાં આવેલ.

તા.૧૬-૧૦-૨૦૧૮ ના રોજ વર્લ્ડ ફૂડ ડે નિમિત્તે પર્યાવરણ સમિતિ દ્વારા ''અન્ન બચાવો... જીવન બચાવો'' અભિયાન માટે કોલ આપવામાં આવેલ અન્નનો બગાડ રોકવાની અપીલ કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નવરાત્રીના તહેવાર પછી માટીના ગરબાનો ઉપયોગ વિસર્જન ને બદલે પક્ષીના માળે સ્વરૂપે કરવા માટે અપીલ કરવામાં આવેલ. જીવદયા પ્રેમીઓ તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આ કોલને વધાવી લેવામાં આવેલ. તા. ૩૧-૧૦-૨૦૧૮ના રોજ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી શ્રી લલિત ઠક્કર તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા દાની સ્કુલ, કાંદિવલી મુંબઈ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨-૧૧-૧૮ ના રોજ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ, શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા '' ગ્રીન દિવાળી''ના સંદર્ભે એક પ્રતિકાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા, ''ગ્રીન દિવાળી'' અભિયાન અંતર્ગત ફટાકડા ન ફોડવાની અપીલ વિનંતી કરવામાં આવી. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટ ભીમાણી, મંત્રી શ્રી ભાવિન જોબનપુત્રા, સહમંત્રી શ્રી ભરત રાજદે, સંયુક્ત મંત્રી શ્રી ભરત અખાણી તથા પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદની ટીમ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવેલ કે ચાલો આ વર્ષે પણ આપણે સૌ ફટાકડાને બદલે દિવા, રંગોળી, મીઠાઈ તથા ભેટ આપીને દિવાળી ઉજવીએ, આપણા પરિવારજનો, મિત્રો તથા સ્નેહીજનો સાથે મળીને ફટાકડાને ના કહીએ.

તા.૧૨-૧૧-૧૮ ના રોજ પુણે લોહાણા મહાજન દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભમાં પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા પર્યાવરણ સમિતિના ''સે નો ટુ પ્લાસ્ટિક અભિયાન'' અંતર્ગત સૌને પેપર બેગનું વિતરણ કરવામાં આવેલ.



તા.૨૩-૧૧-૧૮ ના રોજ શ્રી નાલાસોપારા લોહાણા મહાજન આયોજિત તુલસી વિવાહના કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ શ્રીમતી વાસંતીબેન ેકાણી તથા મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર દ્વારા પર્યાવરણ સમિતિના ''સે નો ટુ પ્લાસ્ટિક અભિયાન'' અંતર્ગત સૌને પેપર બેગનું વિતરણ કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રાએ સૌને વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે શુભેચ્છાઓ પાઠવેલ.





- કિરીટ ભિમાણી, અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

## રમતગમત સમિતિ
## રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯

માતુશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનું વર્ષ ૨૦૧૯ માટેનું આયોજન પોરબંદર મુકામે થનાર છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ, રમતગમત સમિતિ આયોજીત આ ટુર્નામેન્ટ માર્ચ -૨૦૧૯ ના છેલ્લા અઠવાડિયામાં યોજાશે. દરેક વિભાગના યુવાનો દર વર્ષે આ ટુર્નામેન્ટમાં જોડાય છે ત્યારે આ વર્ષે પણ તે જ ઉત્સાહથી ટીમની રચના માટેની તૈયારીઓ આગામી દોઢ માસના સમયમાં પૂર્ણ કરવામાં આવશે. દરેક વિભાગમાંથી રચાનાર ક્રિકેટ ટીમનો હિસ્સો બનવા માટે શ્રી લોહાણા મહાપરિષદની રમતગમત સમિતિનો સંપર્ક કરવા માટે નમ્ર વિનંતી. ટુર્નામેન્ટની તારીખો અને વિગતવાર કાર્યક્રમ શ્રી રઘુકુળ વિશ્વના આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**પિયુષ મજીઠીયા**
**અધ્યક્ષ, રમતગમત સમિતિ**
૯૮૨૫૨૮૦૦૭૦

**પ્રકાશ ઠકરાર**
**મંત્રી, રમતગમત સમિતિ**
૯૯૯૮૦૦૭૮૮૮

## વાત્સલ્ય સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત વાત્સલ્ય સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગનો કાર્યક્રમ તા. ૨૩-૧૧-૨૦૧૮ ના રોજ શ્રી લોહાણા મહાજન, નાલાસોપારાના આયોજિત તુલસીવિવાહના કાર્યક્રમ દરમિયાન નાલાસોપારા મહાજનશ્રીના પ્રમુખશ્રી વિજયભાઈ સેજપાલના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો. સમિતિના મુંબઈ સહ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ મીનાબેન ઠક્કરે તુલસી વિવાહ, વાત્સલ્ય અને પર્યાવરણ એકબીજાના પુરક છે તે વિશે સમજ આપી. કાર્યક્રમમાં શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈના મે.ટ્રસ્ટી તથા શ્રી લોહાણા મહાપરિષદના પી.આર.ઓ. ડૉ. સુરેશભાઈ પોપટે હાજર રહી સંસ્થાઓ દ્વારા જ્ઞાતિજનોને ઉપયોગી થતા વિવિધ કાર્યોની માહિતી આપી સહયોગ આપ્યો હતો. પર્યાવરણ સમિતિના મુંબઈ સહ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ વાસંતીબેને પર્યાવરણની જાળવણી વિશે જ્ઞાતિજનોને માહિતી આપી જાગૃત કર્યા. આ કાર્યક્રમ દ્વારા બન્ને સમિતિઓએ તથા યજમાન મહાજનશ્રીએ સમન્વયનું સુંદર ઉદાહરણ આપ્યું. ગીતાબેન જોબનપુત્રા (માલેગાંવ), પ્રકાશભાઈ માખેચા, કુસુમબેન રૂપારેલ, રસિકભાઈ લાખાણી, લલિતભાઈ ઠક્કર તથા વિરાજભાઈ કોટેચા વગેરેએ કાર્યક્રમમાં હાજર રહી સહયોગ આપ્યો હતો. સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના વાત્સલ્ય સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢિયા, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા શ્રી લોહાણા મહાજન, નાલાસોપારાના પ્રમુખ શ્રી વિજયભાઈ સેજપાલ તેમજ તેમની સમગ્ર ટીમની આભારી છે.

અહેવાલ : મીનાબેન ઠક્કર

## સંસ્થા સમાચાર

**જામનગર**

શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, જામનગર દ્વારા સંસ્થાના ૩૨મા વર્ષની ઉજવણીના ભાગરૂપે તારીખ તા. ૧૬-૧૨-૨૦૧૮ રવિવારના રોજ લોહાણા મહાજન વાડી ખાતે ઓપન જામનગર બહેનો તથા બાળકો માટે રંગોળી, આરતી, ચિત્રકામ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જામનગર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જીતુભાઈ લાલ, જામનગર શહેરના મેયર શ્રી હસમુખભાઈ જેઠવા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી સુભાષભાઈ જોષી, નોબત દૈનિકના તંત્રી શ્રી પ્રદિપભાઈ માધવાણી, જાણીતા ઉદ્યોગપતિ શ્રી હર્ષદભાઈ જોબનપુત્રા, જામનગર લોહાણા મહાજનના મંત્રી શ્રી રમેશભાઈ દત્તાણી, શ્રીમતી ઉર્મિબેન પાંઉ તથા શ્રીમતી જસ્મિનબેન દત્તાણી ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ યોગેશભાઈ વિઠલાણી, ઉપપ્રમુખ અતુલભાઈ રાયઠઠ્ઠા, મંત્રી જીજ્ઞેશભાઈ સીમરીયા તથા પ્રોજેક્ટ ચેરપર્સન ડિમ્પલબેન સીમરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સંકલન : જીજ્ઞેશભાઈ સીમરીયા

## નવસારી

નવસારી લોહાણા સમાજની સુવર્ણ જયંતિ ઉજવાઈ. નવસારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ મશરૂએ જનરલ મિટીંગ બોલાવી પોતાની નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું આપ્યું. જનરલ મીટીંગમાં શૈલેષભાઈ ઠક્કરે હાલના પ્રમુખની નિવૃત્તિથી નવા પ્રમુખ તરીકે શ્રી મહેશભાઈ મગનભાઈ રૂપારેલની જાહેરાત કરી નવસારી લોહાણાના પૂર્વ પ્રમુખ શ્રી કિશોરભાઈ લાભાણીએ ટેકો જાહેર કર્યો. નિવૃત્ત પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ મશરૂ તથા નિયુક્ત પ્રમુખ શ્રી મહેશભાઈ મગનભાઈ રૂપારેલને દક્ષિણ ગુજરાત લોહાણા સમાજના બી.એમ. મસરાણીએ શાલ અને ફૂલહારથી સન્માન કર્યું. ડૉ. તન્નાએ પ્રાસંગિક પ્રવચનમાં સમાજની સાથે રહી કાર્ય કરવા ઉદ્‌બોધન કર્યું હતું. નવ નિયુક્ત પ્રમુખ શ્રી મહેશભાઈએ જ્ઞાતિ સેવા માટે મોટી જવાબદારી સ્વીકારી તેમને ખૂબ ખૂબ ધન્યવાદ. **સંકલન : બળવંતભાઈ મસરાણી**

## નવસારી

શ્રી નવસારી સમસ્ત લોહાણા મહાજન, નવસારી દ્વારા શ્રી જલારામ જયંતિ મહોત્સવનું આયોજન તા. ૧૪-૧૧-૨૦૧૮ ના રોજ ઉજવાઈ ગયો. અતિથિ વિશેષમાં શ્રી પિયુષભાઈ દેસાઈ (ધારાસભ્યશ્રી, નવસારી) અને શ્રી ભરતભાઈ વ્યાસ (કથાકાર) ધરમપુર, શ્રી શ્યામ મહારાજ (દેવેશ્વર મહાદેવ, નવસારી)ના સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. બપોરે ૧૨.૪૫ કલાકે અને સાંજે ૭.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું તથા સાંજે ૪.૦૦ કલાકે પૂ. જલારામ બાપાની શોભાયાત્રા પણ નીકળી હતી. **સંકલન : મહેશભાઈ રૂપારેલીયા**

## જૂનાગઢ

સંત શિરોમણી પૂ.શ્રી જલારામ બાપાની ૨૧૯મી જન્મ જંયતીના પાવન પર્વે શ્રી લોહાણા મહાજન, જૂનાગઢ પ્રેરિત રઘુવંશી સમાજના સમૂહભોજન (નાત)નું આયોજન શ્રી માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ, જેમાં અંદાજે ૧૮ થી ૧૯ હજાર રઘુવંશીઓ તથા સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના ભાવિકોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આ શુભ પ્રસંગે મહાજન પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂના અધ્યક્ષસ્થાને યોજાયેલ દાતાશ્રીઓના સન્માન સમારંભ પ્રસંગે મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ આદ્યશક્તિબેન મજમુદાર, ડેપ્યુટી મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા, મહિલા સુરક્ષા આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન વાછાણી, જૂનાગઢ નગરપાલિકાના પૂર્વ પ્રમુક શ્રીમતી આરતીબેન જોષી, પૂર્વ ડેપ્યુટી મેયર શ્રીમતી નિરૂબેન કાંબલીયા, સીંધી સમાજના અગ્રણી શ્રી કાળુભાઈ સુખવાણી સહિતના નામી-અનામી ઉદ્યોગપતિ, નગર શ્રેષ્ઠી, પ્રિન્ટ મિડિયા તથા ઈલેક્ટ્રોનિક મિડિયાના પત્રકાર મિત્રો, શૈક્ષણિક સંસ્થાઓ, વિદેશથી પધારેલ આમંત્રિત મહેમાનો, અગ્રણીઓએ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવ્યો હતો અને સૌ પૂ.બાપાની પૂજા અર્ચના કરી ભાવવિભોર થયા હતા. અધ્યક્ષસ્થાનેથી મહાજન પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂએ ૧૦૦ વર્ષ જૂની શ્રી લોહાણા મહાજન વાડી (રઘુકુળવાડી)ના જીર્ણોધ્ધાર અને નવીનીકરણની આવશ્યકતા સમજાવી અંદાજે પ્રાથમિક તબક્કે રૂા. ૨૦ લાખની આવશ્યકતા હોઈ ફંડ માટે રઘુવંશીઓને આગળ આવવા અપીલ કરતાં જલારામ બાપાની કૃપા દૃષ્ટિ વરસી હતી અને માત્ર વીસ જ મિનિટમાં રૂા. બાર લાખ પચાસ હજાર જેવી રકમ નોંધાઈ જવા પામી હતી.

## અંકલેશ્વર

પરમ પૂ. જલારામ બાપાની ૨૧૯મી જન્મ જયંતી નિમિત્તે શ્રી અંકલેશ્વર રઘુવંશી લોહાણા મહાજન દ્વારા ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી. આગલા દિવસે શ્રી રમેશભાઈ જસાણીના માર્ગદર્શન હેઠળ રાત્રે યુવા ગૃપના મિત્રો દ્વારા હોલને ખૂબ જ સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો તેમજ વહેલી સવારે ધરતીબેન તન્ના, દેવયાનીબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ કુ. મૈત્રી જસાણી, કુ. ધ્યાની ઠક્કર, કુ. ભાવિકા ઉનડકટ તેમજ કુ. રાહી ઉનડકટ સૌએ સાથે મળી પૂ.જલારામ બાપાના ફોટાની તેમજ ૨૧૯મી જન્મ જયંતી નિમિત્તે ૨૧૯ દિવડાની ખૂબ જ સુંદર, આકર્ષક રંગોળી બનાવી સૌને મોહિત કરી દીધા હતા અને પૂ.જલારામ બાપાના સાક્ષાત્કાર કરાવ્યા. આ પ્રસંગે સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, કમીટી સભ્યો, યુવા કમીટી સભ્યો, મહિલા શક્તિની બહેનો તેમજ સમાજના સભ્યોએ સહ પરિવાર હાજરી આપી પૂ.બાપાની આરતી, ધૂન, ભજન, કિર્તન, નવા સભ્યોનો પરિચય તેમજ આવનારા દિવસોમાં સમાજ તરફથી થનારા કાર્યક્રમોની ચર્ચા-વિચારણા કરી ખૂબ ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. અંતમાં સૌએ સાથે મળી સમૂહ મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. **સંકલન : નરેશભાઈ પૂજારા**



## વડોદરા

શ્રી રઘુવંશી લોહાણા મહાજન, વડોદરા દ્વારા પૂ. શ્રી જલારામબાપાની ૨૧૯મી જન્મ જયંતિની શાનદાર ઉજવણી તા. ૧૪-૧૧-૨૦૧૮ ના રોજ પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી કરવામાં આવી. શ્રી જલારામબાપા, શ્રી રામચંદ્રજી ભગવાન અને અન્ય ભગવાનોની મૂર્તિઓની શાસ્ત્રોક્તવિધિથી અભિષેક - પૂજા, શણગાર કરવામાં આવેલ. બાપાની મૂર્તિ તથા પાદુકાની શણગારેલ પાલખીમાં વાજતે ગાજતે શોભાયાત્રા બાદ આરતીનો મોટા જનસમુદાયે લાભ લીધો હતો. ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત વરિષ્ઠ સભાસદો અને વિશિષ્ટ પ્રતિભા સંપન્ન યુવાનોનું સન્માન કરવામાં આવેલ. સંતભોજન બાદ જ્ઞાતિ ભોજન પણ યોજવામાં આવેલ. સાથે સાથે મેડિકલ અને બ્લડ ડોનેશન કેમ્પ તથા થેલેસેમિયા ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવેલ.

**સંકલન : રમણીકભાઈ જોબનપુત્રા**

## અમદાવાદ

તાજેતરમાં લોહાણા ઈન્ટરનેશનલ કોમ્યુનિટી સંચાલિત લોહાણા લગ્ન સગાઈ કેન્દ્ર સંસ્થા દ્વારા લોહાણા લગ્ન ઈચ્છુક હાઈલી એજ્યુકેટેડ ઉમેદવારોનો ગેટ-ટુ-ગેધર (પસંદગી સંમેલન)ને અભૂતપૂર્વ સફળતા મળતા લોહાણા લગ્ન સગાઈ કેન્દ્ર દ્વારા તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવારે અમદાવાદ ખાતે વિદેશમાં વસતા લોહાણા ઉમેદવારો અને વિદેશ જવા ઈચ્છુક ઉમેદવારો સાથો સાથ સી.એ., એન્જિનિયર્સ, એમ.બી.એ. ડોક્ટર્સ (તમામ પેથી હોલ્ડર્સ) જેવા હાઈલી પ્રોફેશનલ્સ લગ્ન ઈચ્છુક ઉમેદવારોનો ગેટ-ટુ-ગેધરનો કાર્યક્રમ (પસંદગી સંમેલન) યોજવામાં આવેલ.

**સંકલન : કિશોરભાઈ ઠક્કર**

## જૂનાગઢ

પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીના તહેવારોની અનોખી ઉજવણી તથા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. ગુરૂવાર તા. ૧-૧૧-૨૦૧૮ ના રોજ કૃષ્ણ શેરી, હવેલી ગલી, જૂનાગઢ ખાતે સાંજે ૫ થી ૭ દરમ્યાન શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે જરૂરિયાતમંદ સિનિયર સીટીઝનોને જીવન જરૂરી ચીજવસ્તુઓ તથા સાડી અને કપડાંનું માનભેર વિતરણ કરવામાં આવેલ જેમાં શ્રીમતી પ્રફુલાબેન ઠકરાર, સુકીર્તિબેન ગાંધી હાજર રહેલ. કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી જલ્પેશભાઈ કટારીયા, નિશાબેન લાખાણી તરફથી સૌજન્ય પ્રાપ્ત થયેલ હતું.

જૂનાગઢ : પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિપાવલી તથા જલારામ જયંતિના તહેવારો અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં રંગોળી પ્રદર્શન અને કાચા અનાજનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી દ્વારા દિપાવલીનાં દિવસો દરમ્યાન અનાથ બાળકોને ફટાકડાં, મિઠાઈ તથા કપડાંનું વિતરણ કરવામાં આવેલ. બુધવારે તા. ૧૪-૧૧-૨૦૧૮ ના રોજ જલારામ જયંતિના સમૂહ ભોજન તથા અન્નકુટ આરતીમાં જૂનાગઢમાં જલારામ મંદિર, ઝાંઝરડા રોડ, જલારામ મંદિર મધુરમ, ટીમ્બાવાડી વિસ્તારમાં,રાયજીબાગ, રોયલપાર્ક, તળાવ દરવાજા, હવેલી ગલી, કૃષ્ણશેરી તેમજ પંચહાટડી ચોક, પોસ્ટ ઓફિસ રોડ વગેરે જગ્યાએ હાજર રહી પૂજન અર્ચનનો લાભ લીધેલ. ગુરૂવારે ૧૫ તારીખે ૨૧૯મી જલારામ જયંતિ હોવાથી ૨૧૯ કિલો કાચી ખીચડીનું વિતરણ પણ કરવામાં આવેલ. તા. ૧૭-૧૧-૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૭ થી ૮ વાગ્યા સુધી બગીચામાં સ્નેહ મિલન પણ રાખવામાં આવ્યું હતું.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

## બાબરા

રઘુવંશી લોહાણા સમાજ, લોહાણા મહાજન અને શ્રી જલારામ ટ્રસ્ટ દ્વારા પૂ. જલારામ બાપાની જન્મ જયંતીની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. પૂ. બાપાની શોભાયાત્રા શ્રી જલારામ મંદિરથી નીકળી શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી. આ શોભાયાત્રામાં હિન્દુ, મુસ્લિમ તથા બધી જ જ્ઞાતિના ભાઈઓ જોડાયા હતા. મંદિરે બે ટાઈમ ભોજન પ્રસાદનું આયોજન કુ.ઈન્દુબેન કાનાણી તરફથી કરવામાં આવ્યું હતું તથા ચોર્યાશી અને બ્રહ્મભોજનનું આયોજન પણ કરાયું હતું. મંદિરના ટ્રસ્ટી દ્વારા ભોજન - પ્રસાદના દાતાનું ફૂલહાર અને શાલ તથા મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રઘુવંશી સમાજના ભાઈઓએ પોતાના ધંધો-રોજગાર બંધ રાખી રઘુવંશી એકતાના દર્શન કરાવ્યા હતા. નાના-મોટા સહુ કાર્યકરોએ પૂ.જલારામ બાપાની જન્મ જયંતીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**સંકલન : મુકુંદરાય ડી. વસાણી**

# યુ.એ.ઈ., દુબઈમાં વસતા રઘુવંશી પરિવારો માતૃસંસ્થાના સાનિધ્યમાં કાર્યક્રમનું આયોજન કરવા માટે ઉત્સાહિત





યુનાઈટેડ આરબ એમિરાટ્સમાં આવેલા મુખ્ય શહેરો દુબઈ, શારજાહ, અબુધાબીમાં અંદાજે ૨૦૦ જેટલા રઘુવંશી પરિવારો વસે છે. કેટલાક પરિવારો તો લગભગ ૫૦ વર્ષથી ત્યાં વસવાટ કરી પોતાના વ્યવસાય / ઉદ્યોગમાં ત્યાંના પ્રદેશમાં પણ સારી એવી નામના મેળવી છે. તાજેતરમાં જ ડીસા મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં પણ મૂળ ઉત્તર ગુજરાતના અને દુબઈ ખાતે રીઅલ એસ્ટેટના વ્યવસાયમાં કાંઠુ કાઢનાર શ્રી મુકુંદભાઈ હરીભાઈ ઠક્કરે માતૃસંસ્થાના દુબઈ મુકામે યોગ્ય આયોજન કરવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું. આ અગાઉ પણ બે થી ત્રણ વખત તેમનું આમંત્રણ તેમની શ્રી લોહાણા મહાપરિષદ કાર્યાલયની મુલાકાત દરમિયાન મળેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ માં યુ.કે.ના લેસ્ટશાયર શહેરમાં યોજાયેલા પ્રથમ કન્વેન્શન દરમિયાન પણ દુબઈના શ્રેષ્ઠી શ્રી કાન્તીભાઈ ઠક્કરે પણ ત્યારે દુબઈ આવવા માટે આમંત્રણ પાઠવેલ. આ અનુસંધાનમાં માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના માર્ગદર્શન હેઠળ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તથા સહમંત્રી શ્રી અજયભાઈ ઠક્કરે દુબઈનો પ્રવાસ કર્યો. ઘણાં વર્ષોથી દુબઈમાં વસતા પરિવારો સાથે વ્યક્તિગત મુલાકાત પણ થઈ તે ૪ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ શ્રી મુકુંદભાઈ ઠક્કરના નિવાસસ્થાને આસપાસમાં વસતા રઘુવંશી પરિવારો સાથે ઔપચારિક મીટીંગનું પણ આયોજન થયું. ખુબ જ ટૂંકી નોટિસમાં પણ ૫૦ થી પણ વધુ સભ્યોએ હાજરી આપી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પ્રત્યે પોતાની લાગણીના દર્શન કરાવ્યા. આ મીટીંગમાં સૌ પ્રથમ શ્રી મુકુંદભાઈ ઠક્કરે આવકાર પ્રવચન કરી માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને આવકાર્યા તથા સર્વે ઉપસ્થિત સભ્યોને પણ તેમના ઉત્સાહ બદલ વંદન કર્યા હતા. ત્યારબાદ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે દુબઈમાં વસતા રઘુવંશી પરિવારોને માતૃસંસ્થાના ઈતિહાસની શ્રેણીબદ્ધ રીતે માહિતી આપી વર્તમાન સમયમાં થઈ રહેલા સેવાકાર્યો અને વિદેશમાં યોજાયેલા કાર્યક્રમો અંગે સૌને આછેરી ઝલક આપી હતી. આ મીટીંગમાં યુ.એ.ઈ.માં વસતા રઘુવંશી પરિવારોની યાદી / ડિરેક્ટરી તૈયાર કરવી, કાયદા કાનૂનને સુસંગત રઘુવંશી પરિવારની રચના કરવી તથા શ્રી લોહાણા મહાપરિષદના (સુચિત) આયોજન માટે દેશના કાયદા કાનૂનને સુસંગત આયોજન માટે મંજૂરી લેવા માટેના પ્રયત્નો કરવા અને આગામી એકાદ મહિનાના સમયમાં આ અંગે યોગ્ય નિર્ણય લેવો જેવા અનેક મુદ્દાઓ વિષે વિગતે ચર્ચા થઈ હતી. (અત્રે ઉલ્લેખનીય છે કે યુ.એ.ઈ.માં કોમ્યુનિટીના આયોજન માટે સરકારના વિવિધ ડિપાર્ટમેન્ટ્સમાંથી મંજૂરી લેવી ફરજિયાત હોય છે અને ત્યાંના નિયમો પ્રમાણે કોમ્યુનિટીના આવા કોઈ પણ કાર્યક્રમોને પ્રોત્સાહન અપાતું નથી. કોમ્યુનિટી ડેવલપમેન્ટ ઓથોરિટી નામનું ડિપાર્ટમેન્ટ આ અંગે સતત સતર્ક હોય છે અને તેની પરમીશન વિના આવા જાહેર કાર્યક્રમો પ્રતિબંધિત રહે છે.)

આ મીટીંગમાં શ્રી હરીશભાઈ પવાણી, શ્રી ભરતભાઈ રૂપારેલિયા, શ્રી કાંતિભાઈ ઠક્કર, શ્રી શૈલેષભાઈ જસાણી, સુ શ્રી શિલ્પાબેન ઠક્કર, શ્રી સંજીવભાઈ ઠક્કર, શ્રી રાજુભાઈ ઠક્કર, સુ શ્રી ભાવનાબેન ઠક્કર, શ્રી સુનિલભાઈ ઠક્કર, શ્રી સમીરભાઈ ગણાત્રા, સુ શ્રી પ્રિયાક્ષીબેન ગણાત્રા, શ્રી અવસર ઠક્કર, સુ શ્રી મોનિકાબેન લાખાણી, શ્રી વિજયભાઈ દાવડા, શ્રી ચેતનભાઈ સચદે, સુ શ્રી કવિતાબેન સચદે, સુ શ્રી ડોલીબેન, શ્રી અમિતભાઈ ઠક્કર, સુ શ્રી નીતાબેન ઠક્કર, શ્રી જતીનભાઈ ગણાત્રા, સુ શ્રી વૈશાલીબેન ગણાત્રા, શ્રી જીજ્ઞેશભાઈ ઠક્કર, સુ શ્રી વૃતિબેન ઠક્કર, શ્રી પ્રિયંકભાઈ ઠક્કર, સુ શ્રી કલ્યાણી ઠક્કર, શ્રી તેજસભાઈ ઠક્કર, સુ શ્રી ચાર્મી ઠક્કર, શ્રી ગીરીશભાઈ બાટવિયા, શ્રી પવનભાઈ બાટવિયા, શ્રી

દિપકભાઈ ઠક્કર, કેશ્રી ઠક્કર, મોનલ ઠક્કર તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લગભગ અઢી કલાક ચાલેલી આ મીટીંગ બાદ સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો અને સૌએ પોતાનો કિંમતી સમય ફાળવી હાજરી આપવા બદલ શ્રી મુકુંદભાઈ ઠક્કરે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



અત્રે શ્રી કાંતિભાઈ ઠક્કરે પણ રઘુવંશી પરિવારોની આવી મીટીંગ જે આજે થઈ તે ખૂબ જ સુંદર શરૂઆત ગણાવી વર્ષમાં ચાર પાંચ વખત આ રીતે મળવા માટે પણ પ્રસ્તાવ મૂક્યો હતો અને આગામી મીટીંગ તેમના પોતાના નિવાસસ્થાને ગોઠવવા માટે સૌને આમંત્રણ આપ્યું હતું.

**સંકલન**
**અજયભાઈ મુળજીભાઈ ઠક્કર**

# શાબાશ રઘુવંશી



## શ્રી રાજુભાઈ પોબારુ, રાજકોટ

શ્રી રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ તરીકે વરણી થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન....



## શ્રી નિમેષ જીવરાજાણી, ભાવનગર

ભાવનગરના રઘુવંશી યુવાન શ્રી નિમેષ જીવરાજાણીએ સાઇકલ ઉપર જમ્મુ થી કન્યાકુમારીની યાત્રા ૧૪ દિવસ અને ૧૪ કલાકમાં પૂર્ણ કરી લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ અગાઉ પણ તેમણે ભારતના પૂર્વ અને પૂર્વથી પશ્ચિમ છેડાની સાઈકલ યાત્રા કરેલી છે. આ યાત્રામાં તેમને સહાયક તરીકે તેમના મિત્ર બાઈક ઉપર તેમના સામાન સાથે રહી તેમને મદદરૂપ બનેલ છે. સાઈકલ વીર શ્રી નિમેષ જીવરાજાણીને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...

## શ્રી રૂપેશભાઈ વસાણી



ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ના બોર્ડ મેમ્બર અને સાલ એજ્યુકેશન કેમ્પસના ડાયરેક્ટર શ્રી રૂપેશ પી. વસાણી ગ્લોબલ એન્જિનિયરિંગ ડીન કાઉન્સિલ (GEDC)ની ચૂંટણીમાં સેક્રેટરી પદ પર ચૂંટાઈ આવ્યા છે. ડૉ. વસાણી પહેલા ભારતીય છે કે જેઓ આ પ્રકારની ચૂંટણીમાં ચૂંટાઈ આવ્યા છે. તેઓને આ પદવી મેળવવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન...

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December 2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th January 2019




**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)